શ્રી સ્વામિનારાયણ મંદિર
ઈટાસ્કા શિકાગો



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

નૂતન વર્ષાભિનંદન

વિશેષાંક
સંવત
૨૦૮૩



Midwest (Itasca) Shree Swaminarayan Temple
(Under Nar Narayan Dev Diocese)
International Swaminarayan Satsang Organisation
21 W 710 Irving Park Road, Itasca. IL-60143
Phone : (866) 838 - 4778 Live Darshan : http://www.issochicago.org



પ.પૂ. મોટા મહારાજશ્રી
તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.ભાવિ આચાર્યશ્રી
વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

નૂતન વર્ષાભિનંદન

નવા વર્ષના દિવસોમાં દરેકના હૃદયમાં ઘણો જ આનંદ હોય છે. આનંદ ભક્તિનો છે, આનંદ મહિમાનો છે, આનંદ આપણને જે દેવ મળ્યા છે તેનો છે. સાચુ સુખ ભગવાનને ભજવામાં છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને અને નંદ સંતોએ આ સંપ્રદાયની સ્થાપના માટે, સત્સંગ માટે ગામડે ગામડે ફરી લોકોને સાચો અને સારો માર્ગ બતાવ્યો, ધર્મના માર્ગે લોકોને વાળ્યા. આજે આ સત્સંગ દેશ વિદેશમાં ફેલાયો છે. વિદેશમાં રહેતા લોકો પણ આજે ભગવાનની ભક્તિ ખૂબ કરે છે, નવા વર્ષમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણ દેવના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે આવતુ વર્ષ સંવત ૨૦૮૩ આપ સૌના માટે, સગા સંબંધી, પરિવાર માટે સુખ, શાંતિ, આરોગ્ય અને ધર્મ સહિત ભક્તિમાં અભિ વૃધ્ધિ કરનારુ રહે એજ શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના.

- પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, સમગ્ર ધર્મકુળ

નૂતન વર્ષ સત્સંગ સંદેશ

આગામી વર્ષ ૨૦૮૩ ના મંગળ પ્રભાતે શ્રી સ્વામિનારાયણ મંદિર-શિકાગો માં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી નરનારાયણ દેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિ તમામ દેવોના ચરણોમાં દંડવત પ્રણામ સાથે સર્વે હરિભક્તોને ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮માં વચનામૃતમાં આપણને સર્વેને આજ્ઞા કરી છે કે 'જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો .... જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે'

આવનાર આ નૂતન વર્ષ આપ સર્વેના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં અભિવૃદ્ધિ કરનારું થાય, ધર્મકુળ - સંતો - હરિભક્તો સર્વનો રાજીપો પ્રાપ્ત કરી શકો અને સદૈવ ઉત્તરોતર પ્રગતિ કરો. આપ આપના પરિવારનું સ્વાસ્થ્ય શ્રી હરિ સારું રાખે એવી શ્રી હરિના ચરણોમાં પ્રાર્થના સહ સૌને જય શ્રી સ્વામિનારાયણ.

પુજારી શાંતિપ્રકાશદાસજી સ્વામી

તુલસી વિવાહ

- પુજારીસ્વામી શાંતિપ્રકાશદાસજી

તુલસીને શાસ્ત્રોમાં સરલા, વૃંદા, લક્ષ્મી, શ્યામા, ગૌરી, સુભગા અમૃતા, સુરભિ, પાવની, હરિપ્રિયા, રુકમણિ, વિષ્ણુ વલ્લભા, આદિ નામોથી વર્ણવી છે. તુલસી વિવાહ એટલે તુલસી અને શાલીગ્રામ રૂપી ભગવાનનો વિવાહ. એટલે જ તુલસી વિવાહ

તુલસી વિવાહ કથા (બ્રહ્મ વૈવર્ત પુરાણ)

ગોલોકમાં રાધા અને તુલસી બે આત્મીય સખીઓ હતી. એકવાર તુલસી સાથે શ્રી કૃષ્ણ વિહાર કરવા નીકળ્યા. રાધાને ઈર્ષ્યા આવી તરત જ તેને શાપ આપ્યો. ''તુ પૃથ્વી પર જા અને મનુષ્ય બની જા'' પૃથ્વી પર તેનો જન્મ ધર્મ ધ્વજ રાજાને ત્યાં થયો. અત્યંત રૂપવાન અને લાવણ્યમયી હોવાથી તેના સૌંદર્યની તુલના કોઈ સાથે સંભવ ન હતી. તેથી તેનું નામ તુલસી પાડવામાં આવ્યું. તુલસી એ ઘોર તપ કરો બ્રહ્મા પાસે વરદાન માગ્યું કે હું કૃષ્ણને પતિરૂપે પામવા ઈચ્છું છું. પરંતુ રાધાના શાપને કારણે બ્રહ્માએ તેને શંખચૂડ નામના દૈત્ય સાથે પરણાવી. શંખચૂડ ને વરદાન હતું કે તેની સ્ત્રીનું સતીત્વ ભંગ થયા વિના તેનું મૃત્યુ થાય નહિ. શંખચૂડે દેવો પર ત્રાસ ગુજારવા માંડ્યો. દેવો દુઃખી થઈને ભગવાન વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ શંખચૂડનું રૂપ લઈને તુલસીનું પતિવ્રતાપણું ભગાવ્યું. શંખચૂડ નો નાશ થયો. તુલસીને આ વાતની ખબર પડી તેણે વિષ્ણુને શાપ આપ્યો. ''તમારું હૃદય પાષાણ જેવું છે, તમે કપટી છો માટે પૃથ્વી પર તમે પથ્થર રૂપે પ્રગટો'' પ્રભુએ તુલસીનો શાપ સ્વીકાર્યો અને તુલસીને વનસ્પતિ થવાના આશીર્વાદ આપી કહ્યું ''તું આ શરીર છોડીને લક્ષ્મી સમાન મારી પ્રિયા થઈશ, તારા શરીરમાંથી ગંદકી નદી અને કેશમાંથી તુલસી વૃક્ષ ઉત્પન્ન થશે.'' ત્યાર બાદ પથ્થર રૂપે શાલીગ્રામનો ઠાકોરજી તરીકે સ્વીકાર થયા લાગ્યો. ગંડકી કિનારે તુલસીના વન ઊગી નીકળ્યા. ગંડકીમાં રહેલા શાલીગ્રામ, પર તુલસી પત્ર આપોઆપ ચડવા લાગ્યા. આ તુલસી અને શ્યામરૂપી શાલીગ્રામનો વિવાહ એટલે જ તુલસી વિવાહ

તુલસી વિવાહ કથા (પ્રેમાનંદ સ્વામી રચિત)

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ ૬૫ પદોની ધોળ રાગમાં રચના કરી જે તુલસી વિવાહ તરીકે પ્રસિદ્ધ છે તેમાં તુલસી વિવાહની કથા આ મુજબ છે. કુરુક્ષેત્રમાં એકવાર સૂર્યગ્રહણ વેળાએ શ્રી કૃષ્ણ - વાસુદેવ સાથે સ્નાન માટે પધાર્યા છે. આ બાજુ રુકમણિના પિતા ભીમકરાવ પણ પોતાના સગા સંબંધી સહિત પધાર્યા હતા. બંને વેવાઈને મેળાપ થયો. પિતા-પુત્રી અને સસરા-જમાઈનું આ મિલન અદભૂત હતુ. રુકમણિ હરણથી ભીમકરાવને કૃષ્ણ માટે અભાવ હતો તે હવે નીકળી ગયો પણ ભીમકરાવનો એક વાતનો વસવસો સતત રહે તો કે પુત્રી વિવાહ કન્યાદાનનું સુખ મારા ભાગમાં ન આવ્યું. આ લાહવો લેવાનો રહી ગયો. પણ હવે મોટી ઉંમરે ફરી પરણાવી એ તો સમાજમાં હાંસી થાય ભીમકરાવનો એક નવો અદભૂત વિચાર આવ્યો અને તેણે વાસુદેવને કહ્યું ભીમક કહે કુરુક્ષેત્ર રે, પુણ્ય તીર્થ ભારી કો તો તુલસી વિવાહ રે, કન્યા તે મારી શાલીગ્રામ તમારો રે પુત્ર સુખકારી વાસુદેવને આ પ્રસ્તાવ ગમી ગયો. અને ત્યારથી શરૂ થયો. તુલસી વિવાહ સદ્‌ગુરુ વૈષ્ણુવાનંદ સ્વામીએ પુરૂષોત્તમ વિવાહ નામ પદોની પદમાળામાં જીવનો પુરૂષોત્તમ નારાયણ સાથેનો જ્ઞાન વિવાદ ધોળ રાગમાં વર્ણવ્યો છે. કાર્તિક પૂર્ણિમાએ તુલસી વિવાહની સમાપ્તિ પછી સમાજમાં લગ્ન શરૂ થાય છે. આ લગ્ન મહાલવામાં લોકો ભૂલી જાય છે. કે આપણે હાથેવાળો હરિ સંગાથે કરીને તુલસી દેવની જેમ જન્મ સફળ કરી લેવાનો છે.

તુલસી પત્ર અને તુલસીની કંઠી :- દાન દેવાની વસ્તુ પર તુલસી પત્ર મૂકીને "ઈદ ન મમ" હવે આ મારું નથી ભગવાનનું છે. એવો ભાવ પ્રગટ કરવામાં આવે છે. એ જ રીતે શરીર પર તુલસી પત્ર મૂકી. આ દેહ, ઈન્દ્રિયો,અંતકરણને આત્મા..... કશું જ મારું નથી ભગવાનનું છે એવો ભાવ ભક્ત કેળવે તો તુલસી વિવાહ સાચો. તુલસી પત્ર તો શરીર પર ઝાઝું ટકે નહિ તેથી કાયમી સમર્પણની સ્મૃતિ રહે તે માટે તુલસીના કાષ્ટની કંઠી કે માળા પહેરવામાં આવે છે.

વર્તમાન ધરાવતી વખતે હાથમાં જળ આપી કાષ્ટની બેવડી બે સેર ની તુલસીની કંઠીઓનો મર્મ પણ આ જ છે. બે સેરનો મર્મ છે. શ્રી રાધા કૃષ્ણની જુગલ ઉપાસના સાથે ૧. મારે બ્રહ્મરૂપ થવાનું છે. ૨. મારે ભગવાનની ભક્તિ કરવાની છે. નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં વિભાવ્યતેન કર્તવ્યા, ભક્તિ : કૃષ્ણસ્ય સર્વદા કંઠી એ દોરા-ધાગા કે અંધશ્રદ્ધાનું પ્રતિક નથી પણ ભગવાનને ગમે તેવું જીવન જીવવાની તત્પરતા તૈયારી એટલે કંઠી = અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ.

નૂતન વર્ષાભિનંદન સહ
જય શ્રી સ્વામિનારાયણ



શ્રી હનુમાન ચરિત્ર કથા પારાયણ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા **ISSO** શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈટાસ્કા - શિકાગોને આંગણે તા.૧૧-૦૧-૨૦૨૬ રવિવાર થી તા.૧૧-૦૭-૨૦૨૬ શનિવાર કાળીચૌદશના દિવસ સુધી શ્રી હનુમાન ચરિત્ર ની કથાનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી હનુમાન મહારાજનું ચરિત્ર આપણને અખંડ ભક્તિ, અદ્વિતીય બળ, નિઃસ્વાર્થ સેવા, દાસ ભક્તિ અને સંપૂર્ણ સમર્પણ શીખવે છે આ કથાના વક્તા શા. વિશ્વવિહારી સ્વામી - લુઈસવીલ પધારી કથામૃત રસપાન કરવાશે. માટે શ્રી હનુમાન ચરિત્ર કથા પારાયણમાં આપ સહ પરિવાર જરૂરથી પધારવા આમંત્રણ છે.

લી. સ્વામિનારાયણ મંદિર - શિકાગો ઈટાસ્કા

કથા પારાયણના યજમાનશ્રીઓ

- પ.ભ. શ્રી. વકીલ જયંતિલાલ કાશીલાલ શાહ હસ્તે, કમલેશભાઈ અને કોકીલાબેન શાહ
- પ. ભ. શ્રી. રાહુલકુમાર જાની અને કૃતિકાબેન જાની હસ્તે, માધવ, સંજના, જયઉઁ

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

હાર્દિક આમંત્રણ



તુલસી વિવાહ

‘કર્યો વૃંદા નો ત્યાં વિવાહ, દ્રગે દિઠા છે
ફર્યા ફૂલેકામાં એવા, દ્રગે દિઠા છે.’

સનાતન હિન્દુ ધર્મમાં અનેક ઉત્સવો ઉજવાય છે, તેમાં તુલસી વિવાહ એક અનેરો ઉત્સવ છે. જેમાં તુલસીજીના શ્રી લગ્ન ભગવાન શાલીગ્રામજી સાથે ખૂબ જ ધામધૂમ થી ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ દર વર્ષે તુલસી વિવાહ ખૂબ ધામધૂમથી ઉજવતા.

તુલસી વિવાહ માત્ર વિધિ નહીં, પણ ભક્તિ અને પરંપરાનો જીવંત ઉત્સવ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ ગાદીપીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી, સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી સંવત ૨૦૮૩ના કારતક સુદી એકાદશી તારીખ ૧૧-૨૧-૨૦૨૬, શનિવાર ના રોજ શ્રી તુલસીજીના લગ્ન નારાયણ ભગવાન શાલીગ્રામજી સાથે નિર્ધારિત થયા છે.

“તુલસી-શાલિગ્રામનો આ પાવન મિલન ભક્તિ અને સુખનો અખૂટ સ્ત્રોત છે -જરૂર પધારશો.”

કાર્યક્રમની રૂપરેખા



મહેંદી	૧૧-૧૯-૨૦૨૬, ગુરુવાર	સાંજે ૬:૦૦ થી ૮:૦૦
રાસ ગરબા	૧૧-૨૦-૨૦૨૬, શુક્રવાર	સાંજે ૭:૦૦ થી ૧૧:૦૦
ગણેશ સ્થાપના	૧૧-૨૧-૨૦૨૬, શનિવાર	સવારે ૮:૦૦ થી ૧૨:૦૦
તુલસી વિવાહ	૧૧-૨૧-૨૦૨૬, શનિવાર	સાંજે ૪:૦૦ થી ૮:૦૦
હાટડી દર્શન	૧૧-૨૧-૨૦૨૬, શનિવાર	તુલસી વિવાહ પછી.







નારાયણના યજમાનશ્રી

- પ.ભ.શ્રી રાજેન્દ્રભાઈ અને મીનલ બેન પટેલ - હર્ષ, ખુશ્બુ
- પ.ભ. શ્રી મિતુલભાઈ અને નિશાબેન રાવ - રાજ, આદિત્ય

શ્રી તુલસીમાતાના યજમાનશ્રી

- પ.ભ. શ્રી મિનેશભાઈ અને નીલમબેન પટેલ - શાન, દેવ
- પ.ભ. શ્રી જીગ્નેશભાઈ અને રિપલબેન પટેલ - સર્જ, તેજ

તુલસીમાતાના મામાના યજમાનશ્રી

- પ.ભ. શ્રી જશવંતભાઈ અને મધુબેન પટેલ (મોખાસણ)
- પ.ભ. શ્રી બાબુભાઈ અને મંજુલાબેન પટેલ (ડભાણવાળા)
- પ.ભ. શ્રી મહેશભાઈ નટવરભાઈ પટેલ
- પ.ભ. શ્રી જયંતીભાઈઅને મૃદુલાબેન પટેલ(રાસ)

વાઘાના યજમાનશ્રી

પ.ભ. શ્રી રૂપલભાઈ અને દક્ષાબેન પટેલ

કુલહારાના યજમાનશ્રી

પ.ભ. શ્રી ભરતભાઈ અને જશુબેન પટેલ

વિષય વાસના પર નિયંત્રણ મુકી શકાય છે

કોઈ પણ માણસનો દુઃખી થવું જનથી બધાને સુખ જ મેળવવું છે. કંઈ પણ મેળવવા માટે કંઈક ત્યાગ કરવો પડે તે સંસારનો નિયમ છે. ઈશ્વર ઉપાસના કરનારા સાધ કોને મોક્ષ જોઈએ છે. આવા સાધકોને ચાણક્ય નીતિ એમ કહે છે કે વત્સ જો તું મોક્ષ પામવા ઇચ્છતા હો, તો કામવાસનાના વિષયોને વિષના જેવા ગણીને તજી દે અને બ્રહ્મચર્ય, ક્ષમા, વિનમ્રતા, દયા, પવિત્રતા અને સત્યની અમૃતની જેમ સ્વીકારી લે. છે આપણી આ બાબતે તૈયારી?

માણસો ઈચ્છાઓ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને મહત્વાકંક્ષાઓના ગુલામ હોય છે. એકની પ્રાપ્રિ થાય ત્યાં બીજી બે પાંચ ઈચ્છા ઓ ઉભી થાય છે. સાચુ સુખ-મોક્ષ આ બધી ઈચ્છા ઓનો ત્યાગ કરો તેમાં રહેલું છે. ઈચ્છાઓનો ત્યાગ કરવો તે કાંઈનાના બાળકના ખેલ નથી, તેમ અશકય પણ નથી જ. જો ઈચ્છા હોય અને મનહોય તો ઈચ્છાઓ પર નિયંત્રણ મેળવી શકાય છે તેથી તો કહેવત છે કે

"મન હોય તો માળવે જવાય" નાની કે મોટી ઈચ્છાઓમાં ક્યાંય ને ક્યાંય દુઃખ વિષ ભરેલું છે. એ તો જ્યારે ઈચ્છાપૂરી થાય ત્યારે જ તેની ખબર પડે છે. જો સમજતાં આવડે તો.

આજકાલ જગતમાં વિષય વાસના નગ્ન નાચ ચાલ્યા જ કરે છે ટી.વી. ઈન્ટરનેટ આ બધા સાધનો વિષય વાસનાના દશ્યો રજૂ કરીને માણસને બહેકાવે છે. અને માણસની વિષય વાસના પ્રબળ બને છે તેમાં થી ઉગરવાનો એકમાત્ર ઉપાય કે આવા દશ્યો જોવા થી દુર રહેવું

ટોલ્સટોય આ બાબતે કહે છે કે "જે વાસનાની દષ્ટિથી સ્ત્રીને જુએ છે, સમજીલો તે પોતાના દિલમાં તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે". માટે આપણી દષ્ટિ નિર્મળ હોવી જોઈએ. જળ જેવી પવિત્ર હોવી જોઈએ. વિષય વાસનામાં છલોછલ ઝેર ભરેલું હોય છે. તેથી તે ગમે તેટલી ભોગવો તો પણ તૃપ્તિ થતી નથી. આમાંથી હાથવગો ઉપાય એજ છે કે, આવી ઝેર જેવી બાબતોનો સદંતર ત્યાગ કરવો અને અમૃત જેવા સદ્ગુણોનું જીવનમાં સિંચન કરવું. આ કોણ કરી શકે? તો તેનો જવાબ એ છે કે, જેણે સત્સંગને પોતાનું ઘર માન્યુ છે. શ્રી હરિની તમામ આજ્ઞાઓ જે શિર સાટે પાળે છે અને સત્પુરુષોના સાંનિધ્યમાં જે રહે છે અને તેમનો પડ્યો બોલઝીલે છે, તે વહેલો મોડો વાસના-ઈચ્છાઓ પર કાબુ મેળવી શકે છે. કોઈપણ કામ અશકય હોતું જ નથી જે કાંઈ ખામી હોયછે તે આપણા આયોજનમાં અને તેના નિષ્ઠાભર્યા અમલીકરણમાં હોય છે

લી. પુજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી



તુલસી વિવાહ







































શિવપૂજન









હનુમાન જયંતિ









૨૦૦ વર્ષ શિક્ષાપત્રી ઉત્સવ









પ.પૂ.મોટામહારાજશ્રી જન્મદિવસ પૂજન







શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા

















પિકનિક






૨૮મો પાટોત્સવ






























બલ્ડ કેમ્પ




VERSITI
BLOOD DRIVE
TODAY


versiti







HOPE
It's in Our Blood
odcenter.com













ગણેશ ઉત્સવ





જલ જીલણી ઉત્સવ









હિંડોળા ઉત્સવ





સેવા






હેલ્થ



















જન્માષ્ટમી









શ્રાવણમાસ શિવપૂજન







નૂતન વર્ષારંભ કાર્યક્રમની રૂપરેખા

ધનતેરસ, લક્ષ્મીપુજન

૧૧-૦૬-૨૦૨૬, શુક્રવાર

: લક્ષ્મી પૂજન શુભ મુહૂર્ત :

07:30 a.m. to 10:30 a.m.
12:00 p.m. to 01:30 p.m.
04:30 p.m. to 06:00 p.m.

કાળી ચૌદશ

૧૧-૦૭-૨૦૨૬, શનિવાર

: મારૂતિ યાગ અને સમુહ પુજન

7:30 a.m. to 12:00 p.m.

ફુટ અન્નકુટ :- 5:00 p.m.

મારૂતિ યાગના યજમાન શ્રી

- પ.ભ. શ્રી રાજેશભાઈ અને છાયાબેન પટેલ
  વિનીત
- પ.ભ. શ્રી કૃષ્ણકાંતભાઈ અને મિનાક્ષીબેન દ્વિવેદી
  અભય, બીજલ, કાવ્યા
- પ. ભ. શ્રી. રાહુલકુમાર જાની અને કૃતિકાબેન જાની
  હ. માધવ, સંજના, જયઊૅ

મારૂતિ પૂજનના યજમાન શ્રી

પ.ભ. શ્રી અમીતભાઈ અને શોભનાબેન તેવાર
કાર્તિકે, શ્રીધ્ધી

દિવાળી, દિપોત્સવ

૧૧-૦૮-૨૦૨૬, રવિવાર

શારદા પૂજન - ચોપડા પૂજન

09:00 a.m. to 12;00 p.m., 06:00 p.m. to 09:00 p.m.

નૂતન વર્ષ આરંભ

૧૧-૧૦-૨૦૨૬, મંગળવાર

મંગળા આરતી :- 5:45 a.m.
શણગાર આરતી :- 6:30 a.m.
અન્નકુટ આરતી :- 12:00 p.m
અન્નકુટ ઉત્થાપન આરતી :- 6:00 p.m.
સંધ્યા આરતી :- 7:00 p.m.
શયન આરતી :- 8:30 p.m.

અન્નકુટ યજમાનશ્રી

- પ.ભ. શ્રી હિતેશભાઈ અને બિંદિયાબેન પાટડીયા
  હ. રવિના અને પુરવ, રોષન પાટડીયા
- પ.ભ.શ્રી રીતેશભાઈ અને મનાલી પટેલ

નવા વર્ષના ફુલહારના યજમાનશ્રી

- પ.ભ. શ્રી સાવનભાઈ રીતેનભાઈ પાટડીયા
- પ.ભ.શ્રી ભદ્રેશભાઈ અને કલ્પનાબેન પટેલ

નવા વર્ષના વાદાના અને ઠાકોરજી ના પડદાના યજમાનશ્રી

શ્રીમતી બસંતી ધમીયાજ પરિવાર
પ.ભ.શ્રી નરેશભાઈ અને રેશ્માબેન ધમીયાજ
અભીષેક અને રોહન, પલ્લવી અને ચિનાર, મીનાક્ષી